# પ્રોસેસ્ડ ફૂડનાં પોઈઝનનું માર્કેટ!

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

18મી સદીમાં ઈંગ્લેન્ડથી પ્રકાશિત થતું મેડિકલ જગતનું ગણમાન્ય જર્નલ 'ધ લેન્સેટ' દ્વારા હાલમાં એક લેખમાળા શરૂ કરવામાં આવી છે. લેખમાળાનો વિષય છે : 'અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ્સ એન્ડ હ્યુમન હેલ્થ'. આ લેખમાળામાં ભારતનો ઉલ્લેખ એ રીતે થયો છે કે અહીંયા અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ્સ ઝડપથી વધી રહ્યું છે અને તે કારણે ભારતમાં સરેરાશ વ્યક્તિનું સ્વાસ્થ્ય જોખમમાં છે. હવે પહેલાં એ સમજી લઈએ કે અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ કોને કહેવાય? આવા ખાદ્ય પદાર્થ ઔદ્યોગિક પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે અને તેમાં સામાન્ય રીતે ખાંડ, મીઠું, કૃત્રિમ રંગ અને અન્ય જોખમી કેટેગરીમાં આવતાં પ્રિઝરેટિવ્સનો ખૂબ




ઉપયોગ થયો હોય છે. આપણા દેશના પરંપરાગત ખાદ્ય પદાર્થોની જગ્યા પ્રોસેસ્ડ ફૂડ લઈ રહ્યા છે અને તેનું મહત્ત્વનું કારણ મસમોટી કંપનીઓ દ્વારા થતું માર્કેટીંગ અને એડવર્ટાઈઝિંગ કેમ્પેઈન છે. આવાં ફૂડના કારણે મેદસ્વીતા, ડાયાબિટીઝ અને હૃદય સંબંધિત બીમારીઓ પણ વધી રહી છે. અહીં જે માહિતી આપવામાં આવી છે તે કંઈ સાવ નવીન નથી. આ પ્રકારની માહિતી અવારનવાર અખબારોમાં અને વીડિયો મારફતે સુધી આપણા સૌ સુધી પહોંચી જ છે. પરંતુ હવે તેના વિશે વિશ્વના સૌથી પ્રસિદ્ધ મેડિકલ જર્નલમાં લેખમાળા પ્રસિદ્ધ થાય ત્યારે આ માહિતીને પૂરતા આધાર મળ્યા છે.

. આ જ ગાળામાં મેદસ્વીતાનો આંક દેશમાં બમણો થયો છે. જેમ 'ધ લેન્સટ' જર્નલ દ્વારા અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડના જોખમોને દર્શાવતી વિગત સામે આવી છે, તે રીતે અમેરીકાના સાન ફ્રાન્સિસ્કો શહેરના એટર્ની દ્વારા દેશની મસમોટી દસ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ સામે કાયદાકીય કાર્યવાહી આરંભી છે. આ કાર્યવાહીમાં જે દસ ફૂડ કંપનીઓ સામેલ છે તેમાં ફ્રોઝન પિત્ઝા બનાવનારી, પોટેટો ચિપ્સ અને વધુ પડતાં ગળપણ ધરાવનારી બ્રેકફાસ્ટ તૈયાર કરતી કંપનીઓ સામેલ છે. ઉપરાંત તેમાં કોકાકોલા, પેપ્સીકો, કેલોગ અને નેસલે જેવી કંપનીઓનું પણ નામ છે. અમેરિકામાં બહારના માર્કેટમાં મળતાં ખાદ્ય પદાર્થોમાં આ પ્રકારના પ્રોસેસ્ડ ફૂડની ટકાવારી ઓલમોસ્ટ 70 ટકા છે. અને તેમાંથી પણ મહદંશે તેને આરોગનારા વર્ગમાં બાળકોની ટકાવારી સવિશેષ છે. સાન ફ્રાન્સિસ્કો શહેરના એટર્નીએ પણ એવું સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકારના ફૂડ આરોગીને લોકો ટાઈપ-2 ડાયાબિટીઝ, લિવર અને કેન્સર જેવી બીમારીના શિકાર બની રહ્યા છે. આ માટે સાન ફ્રાન્સિસ્કો શહેરનું પ્રતિનિધિત્વ કરનારાઓ અનેક આધાર પણ મૂક્યા છે. તેમાંથી એક આધાર નોર્થ કેલિફોર્નિયા યુનિવર્સિટી અંતર્ગત થયેલાં 'ગ્લોબલ ફૂડ રિસર્ચ પ્રોગ્રામ'નો છે. તે રિસર્ચ મુજબ પ્રોસેસ્ડ ફૂડથી ન માત્ર લોકો મેદસ્વિતા અને ડાયાબિટીઝથી પીડાય છે. બલકે તેનાથી હૃદય સંબંધિત બીમારી, ડિપ્રેશન અને કેન્સર સુધ્ધા થાય છે.

આ પ્રકારના અનેક રિસર્ચ દુનિયાભરમાં થઈ રહ્યા છે જેથી પ્રોસેસ્ડ ફૂડને લઈને જાગ્રતતા આવે. જેમ કે ઈટાલીમાં 20,000 વયસ્કો પર એક સંશોધન થયું હતું. આ સંશોધનમાં તમામે નિર્ધારિલા સમયમાં પ્રોસેસ્ડ ફૂડ આરોગ્ય હતું. આનાથી તેમનાં રિપોર્ટ્સ એવાં આવ્યા હતા જેનાથી તેમની મૃત્યુની સંભાવના વધી જાય. એ રીતે બીજા એક સંશોધનમાં અમેરિકામાં 50,000 લોકોને પ્રોસેસ્ડ ફૂડ પર રાખવામાં આવ્યા હતા. તેમાં પણ પરિણામમાં એવા જોવું મળ્યું હતું કે તે તમામને કેન્સર થવાનું જોખમ વધતું દેખાયું હતું. પ્રોસેસ્ડ ફૂડને લઈને થતા આ સંશોધન અને તેના પરિણામો પણ સમયાંતરે અખબારોમાં અને જર્નલોમાં પ્રકાશિત થાય છે. પરંતુ તેની સામે પ્રોસેસ્ડ ફૂડની કંપનીઓ વધુ મજબૂત સાબિત થઈ રહી છે. તેમના માર્કેટીંગથી લોકો જાનના જોખમને પણ અવગણીને પ્રોસેસ્ડ ફૂડ આરોગવા તૈયાર થઈ જાય છે. આ તૈયારીનું એક મહત્ત્વનું કારણ તેની ઉપલબ્ધતા છે. જેમ કે તમે ગુજરાતમાં કોઈ પણ આંતરિયાળ વિસ્તારમાં જશો તો પણ આ પ્રકારના પ્રોસેસ્ડ ફૂડ તમને સરળતાથી મળી રહેશે. બીજું કે તેની કિંમત. પાંચ, દસ, વીસ કે પચાસ રૂપિયાના પેકેજિંગ મળતાં આ પ્રકારના પ્રોસેસ્ડ નાસ્તામાં જેઓને જે પરવડે

**અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનો બિઝનેસ કેટલો વધ્યો છે તેની વિગત પણ આશ્ચર્યજનક છે. આપણા દેશમાં 2006 સુધી આવાં પ્રોસેસ્ડ ફૂડનો બિઝનેસ 0.9 બિલિયન ડૉલરનો હતો. 2019 સુધી તે ચાળીસ ગણો વધીને 38 બિલિયન ડૉલર સુધી પહોંચી ચૂક્યો હતો**



તે પ્રકારની પસંદગી ગ્રાહકને મળી રહે છે. પ્રોસેસ્ડ ફૂડની કંપની એક પણ પ્રોડક્ટને બાકી રાખતી નથી. તેઓ બધા જ પ્રકારની ખાદ્ય સામગ્રી બનાવીને ગ્રાહને હંમેશા બાંધી રાખે છે. બીજું કે યુવાનો અને બાળકો તેમના સૌથી મોટા ગ્રાહકો છે. આ બંને ગ્રૂપમાં આવનારાંઓની જીવનશૈલીના કારણે તેમને આ પ્રકારના પ્રોસેસ્ડ ફૂડની અસર તત્કાલ દેખાતી નથી. એ સિવાય આ પ્રકારના ફૂડ પેકેટ્સ આકર્ષક બનાવેલા હોય છે. તેનો રંગ પણ એવો હોય છે જેનાથી તેની પર દૃષ્ટિ પડે. આમ દરેક રીતે માર્કેટીંગમાં અને જાહેરાતોમાં પોતાના તરફી બાજી કેવી રીતે થાય તેવું કંપની ધ્યાન રાખે છે.

હવે આપણા દેશમાં આ દૂષણ આવ્યું તેના આમ તો અનેક કારણો છે પરંતુ તેનું મુખ્ય કારણ 1990 પછી થયેલું ગ્લોબલાઈઝેશન અને શેહરીકરણ છે. દેશમાં થયેલાં ઝડપી વિકાસના કારણે તેમાં મધ્યમવર્ગની આવક સારાં પ્રમાણમાં વધી. એક વર્ગ ગરીબમાંથી મધ્યમ વર્ગમાં આવ્યો. તેનાથી શહેરી મધ્યમવર્ગના આહાર માટેના વ્યાપક વિકલ્પો ખ્યૂલ્યા. આવક વધારવાની ચક્કરમાં સરેરાશ વ્યક્તિના ઑફિસના કામના કલાકો વધવા માંડ્યા, અને તે કારણે જીવનશૈલી પણ અનિયમિત થઈ. અહીંથી જ આપણે ચેતી જવા જેવું હતું, પરંતુ તેમ ન થયું અને આજે 2025માં આ જોખમ એટલું વ્યાપી ચૂક્યું છે કે તેને દૂર કરવું હવે અશક્ય થઈ પડ્યું છે.

'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝન'દ્વારા પણ ભારતમાં 'ધ ગ્રોથ ઑફ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ્સ ઈન ઈન્ડિયા'એવો અહેવાલ પ્રકાશિત થયો હતો. આ અહેવાલમાં પણ આપણી બદલાયેલા આહારનો આલેખ મળે છે અને તેમાં દર્શાવેલા આંકડાથી ચેતવા જેવું છે. આ અહેવાલમાં 'ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ'દ્વારા 2020માં થયેલા સરવે મુજબ સરેરાશ વ્યક્તિ દોઢ ગણી વધુ કેલરી આરોગે છે. એ રીતે સરેરાશ વ્યક્તિના આહારમાં મીઠું પણ અનેકગણું વધુ જાય છે. શર્કરાનું પ્રમાણ પણ પ્રોસેસ્ડ ફૂડમાં વધુ હોય છે. જોકે ખાદ્ય પદાર્થમાં આ બધા દર્શાવેલા પ્રમાણ વધુ હોવા છતાં ઘણી વાર પ્રોસેસ્ડ ફૂડમાં તેનો ઉલ્લેખ થતો નથી. બલકે તેનાથી વિપરીત ઉલ્લેખ જેમ કે 'હાઈ પ્રોટીન'એવો દાવો મૂકવામાં આવે છે. ખરેખર તો સરકારે જેમ પાન મસાલા અને ગુટખાના પડિકા પર ચેતવણી છાપવાનું ફરજિયાત કર્યું છે, તેમ પ્રોસેસ્ડ ફૂડના જોખમની ચેતવણી પણ તેના પડિકા પર છાપવી ફરજિયાત કરવું જોઈએ. 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' મુજબ કેટલાંક માપદંડ મૂકવામાં આવ્યા છે. જે મુજબ જો કોઈ પણ પેકેજ્ડ ફૂડમાં દસ ટકાથી વધુ શર્કરા હોય અને દરેક કિલોકેલરીએ 1mg થી વધુ સોડિયમ હોય તો તે ખરીદવું નહીં. આ તો થઈ પેકેજ્ડ ફૂડની વાત. તે ઉપરાંત કોલ્ડ્રિંક્સનું પણ માર્કેટ દુનિયામાં વ્યાપેલું છે.

હવે આ માટે થઈ શું શકે તે અંગે 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન'દ્વારા કેટલાંક સૂચનો કરવામાં આવ્યા છે. જેમ કે, પ્રોસેસ્ડ ફૂડ અને અન્ય આહારને સ્પષ્ટ રીતે અલગ પાડવા. તેમની ડિઝાઈન, રંગ અને પેકેજિંગ અલગ હોવા જોઈએ, જેથી તેને ઝડપથી ઓળખી શકાય. 'W.H.O.'એક એવું પણ સૂચન કરે છે કે જે આહારમાં વધુ સ્વાસ્થ્યને હાનિકારક તત્વો હોય તેના પર વધુ કર લેવો. ઘણી કંપનીઓનો વ્યાપ એટલા હદ સુધી પહોંચી ચૂક્યો હોય કે તેને બંધ કરવી કે તેને અટકાવી અશક્ય છે, એટલે તેનાથી વધુ કર લેવાની પણ એક નીતિ 'W.H.O.'સૂચવી છે. આવાં અનેક સંશોધન અને સૂચનો છતાં હજુ પ્રોસેસ્ડ ફૂડ ઝેર બનીને આપણી વચ્ચે દિવસે ને દિવસે વધુ પ્રસરી રહ્યું છે. અને આ ઝેરની આદતથી વધુને વધુ લોકો સ્વાસ્થ ખલાસ થઈ રહ્યું છે.



# પત્તાંની જોડઃ સત્તાની જોડતોડ

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ



સાંજના ઠંડા પવનની લહેરો ક્લબની દીવાલો સાથે પછડાઈ રહી હતી. સૂરજ ડૂબું ડૂબું કરતો હતો પણ લગભગ તો એ ડૂબી જ ગયો હતો. તારાઓ હજી સુધી એમની કાળી ચાદરમાંથી ઊંઘીને ઊઠ્યા નહોતા.

પ્રકૃતિની આ પરિસ્થિતિઓથી બેપરવા થઈને ચારેય બાદશાહ ક્લબના ટેબલ પર એ જ પી રહ્યા હતા જેને પીવાથી ગરીબોનું નૈતિક પતન થાય છે. ખબર નહીં કેટલો દારૂ પી નાખ્યો હશે!

ફુલ્લીનો બાદશાહ, જે આવા સમયે અડધો ફિલોસોફર અને અડધો ઈતિહાસકાર થઈ જાય છે, એણે બદામના બાદશાહને કહ્યું, 'ડેમોક્રેસી(લોકશાહી), હાય ડેમોક્રેસી(લોકશાહી)! તું તો મોત છે- સાક્ષાત યમરાજ છે!'

કાળીનો બાદશાહ જેણે રાજકારણ સિવાય કંઈ જ કર્યું નહોતું, એણે આ વિષય પર ગંભીરતાથી કહ્યું, 'ના, સમસ્યાને બીજા ખૂણાથી જુઓ તો આ લોકશાહી મોટાભાગના લોકો માટે ફાયદાકારક સાબિત થઈ છે. જાહેર સમાજ થોડો અનૈતિક થઈ રહ્યો છે.'

ચરકટનો બાદશાહ જે આજકાલમાં ભઠ્ઠી શરૂ કરવાનું વિચારી રહ્યો હતો, એણે કહ્યું, 'સારું થયું કે અહીંયા આંતરવિગ્રહ ના થયો, નહીં તો એક પણ બાદશાહ જીવતો રહ્યો ન હોત. બધાં મરી ગયા હોત.'

'બાદશાહ એટલે બાદશાહી. બાદશાહી ખતમ થઈ ગઈ એટલે બાદશાહ પણ ખતમ!' ફુલ્લીના બાદશાહે કહ્યું, 'અને પછી આપણે ચારેય તાશના બાદશાહ જેની પાસે કોઈ જમીન કે દેશ નહોતો, એનું પણ અપમાન થયું. આપણે વળતર વગર પોતાના સન્માનથી જઈ રહ્યા છીએ. અરે ઓ, લોકશાહી!'

'સાચું કહે છે તું,' કાળીના બાદશાહે કહ્યું, 'આ એક ગંભીર પ્રશ્ન છે! આના પર આપણે ભાનમાં હોઈએ ત્યારે વાત કરવી જોઈએ.'

બદામના બાદશાહે કાળીના બાદશાહને કહ્યું, 'ભાઈ, તું જ કંઈ સૂચનો આપ. અમે તારી વાત માનીશું. તારું મગજ આ વાતોમાં બહુ ચાલે છે.'

'આ વાત તો હું પુસ્તકોની મદદ લીધા વગર કહી શકું છું કે આપણામાં અને કોઈ રાજકીય પક્ષની પરિસ્થિતિમાં કોઈ ફરક નથી. એ પણ આપણી જેમ જમીન વગરના બાદશાહ હોય છે!'

'સાચી વાત છે.' ચરકટના બાદશાહે કહ્યું.

આના પર ફિલોસોફર ફુલ્લીના બાદશાહે કહ્યું, 'એનો અર્થ એ છે કે આપણે લોકશાહીની જાગૃતિ પહેલાં જ લોકશાહીના હિમાયતી છીએ. સૌથી પહેલાં લોકશાહી તાશમાં આવી અને ત્યાંથી પછી લોકશાહીની વિચારધારા માણસોની દુનિયામાં ફેલાઈ.'

'તારી વાતમાં ઐતિહાસિક સચ્ચાઈ તો છે.'

'આ વાત છાપામાં છપાવી જોઈએ.'

કાળીના બાદશાહે પોતાની આદત મુજબ કૂટનીતિવાળા હાસ્ય સાથે કહ્યું, 'એટલે આપણે ચારેય બાદશાહ લોકશાહીને સંભાળી શકીએ છીએ. એ લોકોના નેતા બની શકીએ છીએ. તાશના પત્તાની મેમ્બરશીપથી આપણો રાજકીય

**આપણામાં અને કોઇ રાજકીય પક્ષની પરિસ્થિતિમાં કોઇ ફરક નથી. એ પણ આપણી જેમ જમીન વગરના બાદશાહ હોય છે!**

પક્ષ બની શકે છે. આપણી એક નહીં ચાર ચાર રાજકીય પાર્ટીઓ બની શકે છે!'

'વાહ, વાહ, આઈડિયા તો બહુ સારો છે! પણ રાજ કરવાવાળો પક્ષ કોણ હશે? આપણા ચારેયમાંથી કોનું વર્ચસ્વ રહેશે?'

'લોકશાહી છે, આ તો લોકશાહી. જેમાં હુકમનું પત્તું આવશે, એ રાજ કરશે. બાકી ત્રણ વિરોધી પક્ષના નેતાઓ રહેશે!'

'માન્ય છે! સારું થશે કે આજે જ આપણે આ જૂના રાજાનાં કપડાં ઉતારી નેતા જેવા કપડાં પહેરીને નેતા બની જઈએ.'

ચારેય રાજાઓએ પોતપોતાના મુગટ કાઢીને ફેંકી દીધા અને નેતાનો વેશ ધારણ કરી કોફી પીવા માંડ્યા. પત્તાંઓની મીટિંગની તારીખ નક્કી કરી.

'હવે જોકરનું શું થશે? એનું એ લોકશાહીમાં શું સ્થાન હશે?'

'એ મૂડીવાદ છે એટલે એ જેની સાથે હશે, એ જ જીતશે એવું નક્કી થયું!'

ચારેય જૂનાં તાશના બાદશાહ ક્લબમાંથી બહાર આવ્યા. પોતપોતાનો અલગ રાજકીય પક્ષ બનાવવાના ચક્કરમાં ચારેય બાદશાહ ઘણા ખુશ હતા!

એક પત્રકારે એ ચારેય બાદશાહને પૂછ્યું, 'તમે ક્યા વિષય પર ચર્ચા કરી રહ્યા હતા?'

કાળીના બાદશાહે એની કૂટનીતિવાળું સ્મિત કરીને કહ્યું, 'અમે લોકોએ શસ્ત્રબંધીના વિષયમાં ચર્ચા કરી!'

# રાયપુરની હારથી ભારતની વન ડે ઈનિંગ્સમાં ફિનિશર ન હોવાની નબળાઈ ખુલ્લી પડી

ખેલખેલમેં

રાયપુરમાં ભારતનું આગમન આત્મવિશ્વાસ સાથે થયું હતું. બીજી વન ડેમાં વિરાટ કોહલીની સતત બીજી સદી અને ઋતુરાજ ગાયકવાડની પ્રથમ વનડે સદીથી ભારતે એક મોટા સ્કોરનું લોન્ચ પેડ મેળવ્યું હતું. પરંતુ અંતે ભારતીય ઈનિંગ પુરી થઈ ત્યારે તેજસ્વી ફ્લડલાઈટ્સ હેઠળ 60,000 દર્શકોની સામે, સ્કોરબોર્ડ પર 5 વિકેટે 358 રનનો સ્કોર લખાયેલો હતો, જે એકરીતે જોઈએ તો જોરદાર અને પ્રભાવશાળી લાગતો હતો. વાતાવરણ એક એવી રાતનું સૂચન કરતું હતું જે ભારતની હોવી જોઈતી હતી. પરંતુ એવું ન થયું અને દક્ષિણ આફ્રિકાએ બીજી વન ડે જીતીને સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી. શું ભારતની બોલિંગ ખરાબ હતી, તો તેનો જવાબ નકારમાં હોઈ શકે છે, ખરેખર તો ભારતે પોતાની પાસે જે ક્ષમતા હતી તેના કરતાં 30થી 40 રન ઓછા બનાવ્યા હતા અને તેના કારણે આ હાર તેમને મળી હતી. ભારતીય ઈનિંગ્સની અંતિમ ઓવરોમાં 2023ના વન ડે વર્લ્ડકપની ફાઈનલથી જે થતું આવ્યું છે તે જ રાયપુરમાં પણ થયું હતું. ડેથ ઓવરોમાં ભારતને ઈનિંગ્સને યોગ્ય સ્કોર પર લઈ જઈ શકે તેવા ફિનિશરની ખોટ સાલે છે.




રાયપુરમાં ઝાકળે બોલ અને બોલરોને સમાન રીતે નરમ પાડ્યા હતા. પરંતુ તેનાથી ભારત વર્ષોથી જીવેલું સત્ય ઝાંખું થઈ શકે તેમ નથી કે તેમની પાસે એવો ફિનિશર નથી જેનો તેઓ વિશ્વાસ કરે. દક્ષિણ આફ્રિકા માટે એડન માર્કરમની સદીએ ખાતરી આપી, મેથ્યુ બ્રિત્ઝકેએ મધ્ય ઓવરોમાં મોમેન્ટમ જાળવી રાખ્યું અને ડેવાલ્ડ બ્રેવિસે દબાણથી મુક્ત ઈનિંગ રમી. દક્ષિણ આફ્રિકાનો પીછો અંધાધૂંધી સાથે નહીં પરંતુ વિશ્વાસ સાથે થયો અને તેની સાથે જ ભારતની સૌથી પરિચિત ખામીને ફરી એકવાર ઉજાગર થઈ ગઈ.

બ્રેવિસના 34 બોલમાં 54 રને દક્ષિણ આફ્રિકાને આગળ ધપાવ્યું. 57 બોલમાં 70 રનની જરૂર હતી અને તે આઉટ થયા પછી પણ, પ્રવાસી ટીમે સ્પષ્ટતા જાળવી રાખી. બ્રિત્ઝકે અને માર્કો જેન્સન એક પછી એક આઉટ થયા ત્યારે ભારતને હાશકારો અનુભવાયો અને તે પછી ટોની ડી જોર્ઝી હેમસ્ટ્રિંગની સમસ્યા સાથે લંગડાતો મેદાન છોડીને બહાર નીકળ્યો ત્યારે ભારતને જીત નજીક દેખાઈ રહી હતી, પરંતુ કોર્બિન બોશ હેતુપૂર્વક આવ્યો અને કેશવ મહારાજ સાથે મળીને ટીમને સફળતાથી લક્ષ્ય સુધી દોરી ગયો. 30 બોલમાં 27 રનની જરૂર હતી ત્યારે, દક્ષિણ આફ્રિકાએ ભાગ્યે જ પલકારો માર્યો હશે. દરમિયાન, ભારતે અંતિમ 10 ઓવરમાં બનેલા ઓછા રનનો હિસાબ માંડવો પડ્યો હતો. જેમ હંમેશા થતું આવ્યું છે તેમ આ સીરિઝમાં પણ કંઈક આવું જ થયું છે. ભારત ટોસ હાર્યું, કોહલી સદી ફટકારે છે અને ટીમે 350 રનથી વધુનો સ્કોર બનાવ્યો. પછી ઝાકળની ભૂમિકા આવી, સ્પિનરોએ બોલ પરનો કાબુ ગુમાવ્યો અને મેચ નિર્ણાયક રીતે હરીફ ભણી વળી ગઈ. જે રણનીતિક સ્પર્ધા હોવી જોઈએ તે લપસણી પરિસ્થિતિઓ સામે સંઘર્ષ બની જાય છે.

દરેક રન ચેઝમાં 25 ઓવરની આસપાસ, બોલ ભીના સાબુ જેવો થઈ ગયો છે. સપાટ, પ્રતિભાવહીન પીચો પર, લાઈટ હેઠળ, બોલરોને બદલામાં કંઈ મળતું નથી અને ભૂલો કરવાને બદલે રાહ જોવાની મજબૂરી તેમને મળે છે. રાંચીમાં, દક્ષિણ આફ્રિકાએ 17 રનની હાર દરમિયાન પૂરતી ભૂલો કરી હતી.

રાયપુરમાં, 359 રનની જરૂર હતી, ત્યારે તેમણે પોતાની શિસ્ત જાળવી ને ચાર બોલ બાકી રાખીને જીત મેળવી. તેમની ઊંડાણપૂર્વકની બેટિંગ લાઈન-અપ ખૂબ જ સારી સાબિત થઈ. માર્કરમે 98 બોલમાં શિસ્તબદ્ધ 110 રન બનાવ્યા પછી, ટેમ્બા બાવુમા 46, બ્રીટ્ઝકે 68 અને બ્રેવિસ 54 રનના યોગદાનથી પીછો સ્થિર રહ્યો. ઝાકળ પડતાં બેટિંગ સરળ બનતાં, દક્ષિણ આફ્રિકા આત્મવિશ્વાસ સાથે લક્ષ્ય તરફ આગળ વધ્યું. છેલ્લી 12 ઓવરમાં લગભગ 100 રનની જરૂર હતી, પરંતુ તેઓએ ગભરાટ વિના લક્ષ્ય હાંસલ કર્યું. ભારતને કદાચ એવું લાગશે કે ટોસે ભૂમિકા ભજવી, પરંતુ ફક્ત તે જ તેમની પોતાની ઈનિંગ્સમાં રહેલા અંતરને સમજાવતું નથી. જે ટીમો ડેથ ઓવરમાં 20 થી 30 રન ઓછા કરે છે. તે મજબૂત ટીમો સહજ રીતે એકત્રિત કરે છે. કોહલી અને ગાયકવાડે ભારતને એક સંપૂર્ણ લોન્ચપેડ આપ્યું હતું, અને થોડા સમય માટે ઈનિંગ્સ 370 થી 400 ની રેન્જમાં કુલ સ્કોર માટે નિર્ધારિત દેખાતી હતી કારણ કે તેમની 195 રનની ભાગીદારીએ યજમાન ટીમને પ્રભુત્વ તરફ દોરી હતી. 39મી ઓવરમાં ભારતનો સ્કોર 3 વિકેટે 284 રન હતો અને 11 ઓવરમાં 100 રન થઈ જ શકે તેમ હતા, પરંતુ ઈનિંગ્સ એ તબક્કે અટકી ગઈ જ્યાં ગતિ વધારવાની સૌથી વધુ જરૂર હતી તેથી અંતિમ 11 ઓવરમાં ફક્ત 74 રન જ બન્યા.

36મી ઓવરમાં સ્કોર બે વિકેટે 257 રન પર, ભારત પાસે સ્થિતિ કાબુમાં હતી, જો કે 41મી ઓવરમાં 5 વિકેટે 289 રન થયા પછી, ગતિ ઓછી થઈ ગઈ હતી. વોશિંગ્ટન સુંદરના સતત સંઘર્ષે ફરીથી બેટિંગમાં તેની ભૂમિકા પર સવાલ ઉભા કર્યા. તેનાથી વિપરીત, દક્ષિણ આફ્રિકા તેમના અંતિમ તબક્કામાં સફળ રહ્યું. બ્રેવિસ અને બ્રીત્ઝકેએ મધ્ય ઓવરોમાં ગતિ સુનિશ્ચિત કરી; ભારતે તેમના બેટ્સમેનોને સ્થિર થવા દીધા. જ્યારે પીછો કડક બન્યો, ત્યારે દક્ષિણ આફ્રિકા પાસે ઘણા બેટ્સમેન હતા જે ગતિ વધારી શકે છે. જેની સામે ભારત ફક્ત રાહુલ પર નિર્ભર રહ્યું હતું.

વર્ષોથી ભારતની ફિનિશરની શોધ ટુર્નામેન્ટ અને નેતૃત્વ સાયકલમાં ચાલી રહી છે. 2023ની વર્લ્ડકપ ફાઈનલમાં એ ફિનિશરની ગેરહાજરી સ્પષ્ટ દેખાઈ હતી, જ્યારે ઈનિંગ્સ તે જ સમયે અટકી ગઈ હતી જ્યારે તેને હિંમતની જરૂર હતી. ભારત પાસે એવો કોઈ ખેલાડી નથી જે ડેવિડ મિલરની શક્તિ, ચરિથ અસલંકાની રેન્જ કે ગ્લેન ફિલિપ્સની અણધારીતાનું પ્રતિબિંબ પાડે.

**રાયપુરમાં રમાયેલી બીજી વન ડેમાં દક્ષિણ આફ્રિકાએ વિક્રમી 359 રનના લક્ષ્યનો પીછો કરીને મેચ જીતી ત્યારે ઘણાં લોકોએ ભારતની બોલિંગ સામે સવાલ ઉઠાવ્યા હતા પણ હકીકત એ છે કે ડેથ ઓવરોમાં જે કામ દક્ષિણ આફ્રિકા કરી શક્યું તે ભારતીય ઇનિંગ્સમાં થયું નહોતું, વિરાટ કોહલી અને ઋતુરાજ ગાયકવાડની સદીથી ભારતીય ટીમને જે લોન્ચ પેડ મળ્યું હતું તેનો યોગ્ય ઉપયોગ ન થયો અને ડેથ ઓવરોમાં બેટથી વધુ દબાણ કરવામાં ભારતની અસમર્થતા સામે આવી ગઇ હતી**

હાર્દિક પંડ્યાએ એક સમયે આ ઉકેલ આપ્યો હતો, પરંતુ વારંવાર થતી ઈજાઓએ તેને નિશ્ચિતતામાંથી પ્રશ્નાર્થ ચિહ્નમાં ફેરવી દીધો છે. રિંકુ સિંહ, જીતેશ શર્મા, હાર્દિક પંડ્યા જેવા પાવર હિટર જ્યારે ફિટ હોય ત્યારે અને કદાચ શિવમ દુબે જેવા ખેલાડીઓની આસપાસ એક નવી ફિનિશિંગ બ્લુપ્રિન્ટ ઉભરી આવવી જોઈએ. રાહુલે નંબર પાંચ પર રહેવું જોઈએ, પાર્ટ ટાઈમ ફિનિશર તરીકે થાકી જવું જોઈએ નહીં. ભારતને ડેથ સમયે નિશ્ચિતતાની જરૂર છે, ઈમ્પ્રોવાઈઝેશનની નહીં.